ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન

આ કાનૂન કઈ રીતે અસર કરે છે: તમાકુના છૂટક વેપારીને

(**નોંધ**: *સુગંધી સિગારિલ્લોના વેચાણ પરના નવા અંકુશો અને સિગારિલ્લોના પેકેજિંગ સંદર્ભે જરૂરિયાતો સાથે સંબંધિત માહિતી સમાવવા માટે આ હકીકતપત્રકને મે 2010 માં સુધારવામાં આવ્યું હતું.*)

<u>પૃષ્ઠભૂમિ</u>

- *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન* મે 31, 2006નાં રોજ અમલી બન્યો. આ ધારો:
  - ઑન્ટારિયોમાં બંધ કાર્યસ્થળોમાં અને બંધ જાહેર સ્થળોએ ધૂમ્રપાન પર પ્રતિબંધ મૂકે છે જેથી તમાકુના પરોક્ષ ધુમાડાના જોખમોથી કામદારો અને જનતાનું રક્ષણ થઈ શકે.
  - વેચાણનાં બિંદુએ તમાકુ પેદાશોનું કઈ રીતે પ્રદર્શન અને પ્રચાર કરવામાં આવે છે તેના પર અંકુશ મૂકે છે.
  - યુવાનોને તમાકુ પેદાશો વેચવા પરના અંકુશને મજબૂત બનાવે છે.
- તમાકુના છૂટક વેપારી એ સુનિશ્ચિત કરવાની કાનૂની જવાબદારી ધરાવે છે કે તેઓ અને તેમના કર્મચારીઓ *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન* હેઠળની જરૂરિયાતો સમજે છે અને તેનું પાલન કરે છે.

- તમાકુ પેદાશોમાં નીચેનાનો સમાવેશ થાય છે:
  - સિગારેટ
  - સિગાર
  - સિગારિલ્લો
  - પાઈપ તમાકુ
  - અન્ય વિશેષ તમાકુ ઉત્પાદનો: ચાવવાની તમાકુ, છીંકણી, સ્નસ વગેરે સહિત.

<u>નવું શું છે</u>

**સુગંધી સિગારિલ્લોના વેચાણ પર અંકુશો અને સિગારિલ્લોના પેકેજિંગ સંદર્ભે જરૂરિયાતો.**

**જુલાઈ 1, 2010થી અમલી બન્યા પ્રમાણે, સુગંધી સિગારિલ્લોનું વેચાણ, વેચાણની ઑફર, વિતરણ અને વિતરણ કરવાની ઑફર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.**

**મેન્થોલ સાથે સુગંધી હોય તેવી સિગારિલ્લોનું વેચાણ હજીપણ ચાલુ રાખી શકાય છે.**

**બધી સુગંધી વિનાની સિગારિલ્લો અને મેન્થોલ સિગારિલ્લોનું વેચાણ હજીપણ ચાલુ રાખી શકાય છે પરંતુ તે માત્ર 20ના પેકેજમાં જ વેચવાની રહેશે.**

સિગારિલ્લો નીચેનામાંથી કોઈપણ પેદાશોનો સમાવેશ થાય છે:

1. તમાકુ પેદાશ કે જે,

   i. કોઈપણ માઉથપીસ કે ટોચના વજનને બાદ કરતા 1.4 ગ્રામ કરતાં ઓછું વજન ધરાવતી હોય,
   ii. ભૂંગળી કે ટ્યુબના સ્વરૂપમાં હોય, અને
   iii. આવરણ ધરાવતી હોય જે કુદરતી કે પુનર્નિર્મિત તમાકુનું પાન ધરાવતી હોય.

2. તમાકુ પેદાશ કે જે,

   i. સેલ્યુલોઝ એસિટેટ કે અન્ય પ્રકારનું ફિલ્ટર ધરાવતી હોય,
   ii. ભૂંગળી કે ટ્યુબના સ્વરૂપમાં હોય, અને
   iii. આવરણ ધરાવતી હોય જે કુદરતી કે પુનર્નિર્મિત તમાકુનું પાન ધરાવતી હોય.

વધુ વિગતો માટે કૃપા કરીને *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન*નો વિભાગ 5(3) અને 6.1 જુઓ.

*પ્રદર્શન*

- રિટેઈલ સ્ટોરમાં કોઈપણ તમાકુ પેદાશોનું પ્રદર્શન કરી શકાશે નહીં. આનો અર્થ એ છે કે:
  - તમાકુ પેદાશોનો એવી રીતે સંગ્રહ થવો જોઈએ કે જેનાથી તે ખરીદવામાં આવે તે પહેલાં ગ્રાહકો તેને જોઈ ન શકે. ગ્રાહકો સિગારેટ કે અન્ય તમાકુ પેદાશો ખરીદે તે પહેલાં તેને હાથમાં લઈ શકશે નહીં.
  - સ્ટોરના માલિકોએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ફરીથી સ્ટૉક ભરવા દરમિયાન, માલસામાનની ચકાસણી કરવા દરમિયાન, અથવા જેનાથી સંગ્રહના સાધનને ખોલવાની જરૂર પડે અને તમાકુની પેદાશો જોઈ શકાય તેવી કોઈપણ અન્ય પ્રક્રિયા દરમિયાન સંભવિત ગ્રાહકોને તમાકુ પેદાશો દેખાય નહીં.
  - વિક્રેતા સંગ્રહનું સાધન ખોલે અને બંધ કરે તથા ગ્રાહકને પેદાશ આપે તે ટૂંકા સમયને ધારાના વિભાગ 3.1(2) હેઠળ "પ્રદર્શન" ગણવામાં આવતું નથી.
  - ***અગત્યની બાબત: સંગ્રહના સાધનમાં તમાકુ પેદાશોનું પ્રદર્શન કરવાના કોઈપણ ઈરાદાપૂર્વકના કે અજાણતા કરેલું કૃત્ય કાનૂન હેઠળ આરોપને આધીન છે.***

*સ્વીકાર્ય સંગ્રહ*

- તમાકુ પેદાશની **સ્વીકાર્ય** સંગ્રહ અને વિતરણ વ્યવસ્થાઓનાં ઉદાહરણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:
  - માથા પર ઊંચાઈએ આવેલા પાત્રો જે સુનિશ્ચિત કરે છે કે તમાકુ પેદાશો માત્ર ક્લાર્કને જ દેખાય;
  - કાઉન્ટરની નીચેના ખાના અથવા કબાટ જે સુનિશ્ચિત કરે છે કે તમાકુ પેદાશો માત્ર ક્લાર્કને જ દેખાય;
  - ફક્ત એક પાકિટનું વિતરણ, ગુરૂત્વાકર્ષણ આધારિત સાધનો;
  - રિટ્રોફિટ સાધનો કે જે અભરાઈઓને ઉપલા મિજાગરાના "ઉપરની તરફ ખૂલતા" આવરણથી આવરી લે છે જે આપોઆપ અથવા ગુરૂત્વાકર્ષણથી તાત્કાલિક બંધ થાય છે. તે ઊંચાઈમાં 30.5 સેમી (અથવા એક ફૂટ) અને લંબાઈમાં 61 સેમી (2 ફીટ) કરતાં મોટા ન હોવા જોઈએ અને એક સમયે એક જ ખુલે તેવું હોવું જોઈએ;
  - પાતળા ખાનાં કે જે વિભાગોમાં ખૂલે છે અને માત્ર સિગારેટ પેકેજની પાછલી બાજુ જ દેખાડે;
  - કાઉન્ટર પરના સાધનો અને તમાકુ પેદાશોની ફરતી ટ્રે માત્ર ક્લાર્કને જ દેખાય તેમ હોવી જોઈએ.

*અસ્વીકાર્ય સંગ્રહ*

- તમાકુ પેદાશના **અસ્વીકાર્ય** સંગ્રહ અને વિતરણ વ્યવસ્થાઓનાં ઉદાહરણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:
  - ગેરેજના બારણાની સ્ટાઈલના આવરણો કે જે તમાકુ પેદાશોના સ્ટૉકનો આખો કે મોટો ભાગ દેખાય તે રીતે ખૂલે
  - મોટા કબાટ કે જે એવી રીતે ખૂલે કે જેનાથી ગ્રાહક તમાકુ પેદાશોના મોટા જથ્થાનું પ્રદર્શન જોઈ શકે
  - રિટ્રોફિટ સાધનો જે અભરાઈઓને નીચલા મિજાગરાના "નીચે તરફ ખૂલતા" આવરણથી આવરી લે છે અને જે આપોઆપ બંધ થતા નથી અને ઊંચકીને બંધ કરવામાં ન આવે તો ખુલ્લાં રહે છે
  - પડદાઓ કે અંતરાયો
  - આડા સરકતાં દરવાજાઓ જેમ કે ક્લોઝેટના દરવાજાઓ

- સંગ્રહના પ્રત્યેક સાધનમાં રહેલી તમાકુની ચોક્કસ પેદાશ (પેદાશો) શોધવામાં ક્લાર્કને મદદ મળે તે માટે તમાકુ પેદાશના સંગ્રહના સાધનની બહારની બાજુએ નાની કાપલીઓ માન્ય છે. આ ઓળખની કાપલીઓ પર ભાવની માહિતી માન્ય નથી. કાપલીઓ નીચે પ્રમાણે હોવી જોઈએ:
  - સફેદ બેકગ્રાઉન્ડમાં કાળા પ્રકારનો ઉપયોગ કરો
  - 14 પૉઈન્ટ સુધીના કદના અક્ષરોનો ઉપયોગ કરો
  - લોગો કે રંગનો ઉપયોગ ન કરવો
  - 2" x 1" (5 સેમી. x 2.5 સેમી.)થી મોટી ન હોવી જોઈએ

**સિગારેટ અને અન્ય તમાકુ પેદાશોના પ્રચાર પર અંકુશો**

- કોઈપણ પ્રકારનું પ્રચાર સાહિત્ય કે જે તમાકુ પેદાશની કોઈ ચોક્કસ બ્રાંડને દર્શાવતું હોય તેના પર **પ્રતિબંધ** છે. પ્રતિબંધિત પ્રદર્શનોના ઉદાહરણો આ પ્રમાણે છે:
  - સુશોભનાત્મક પેનલ અને પડદા કે જે તમાકુ પેદાશોની ચોક્કસ બ્રાંડ દર્શાવતા હોય
  - પાછળથી પ્રકાશિત કે ઝળહળતી પેનલ
  - પ્રચારાત્મક લાઈટિંગ
  - ત્રિ-પરિમાણિય પ્રદર્શનો

- તમાકુ પેદાશોના વેચાણનો ઉલ્લેખ કરતી નિશાની માત્ર ગ્રાહકને એવી માહિતી આપવા માટે જ માન્ય કરવામાં આવે છે કે છૂટક વેપારી તમાકુની પેદાશો વેચે છે તથા પેદાશનો અમુક ભાવ છે. વધુમાં:
  - નિશાનીનું કદ 968 ચોરસ સેન્ટીમીટર કરતા વધી ન શકે
  - નિશાનીમાં સફેદ બેકગ્રાઉન્ડની સામે કાળા અક્ષરોનો ઉપયોગ થવો જોઈએ
  - નિશાનીના અક્ષરો છુટક સંસ્થાની બહારથી દેખાવા જોઈએ નહીં
  - છૂટક વેપારી તમાકુ પેદાશો અને/અથવા તમાકુ પેદાશોના સરંજામનો ઉલ્લેખ કરતી મહત્તમ ત્રણ નિશાની પોસ્ટ કરી શકે છે
  - નિશાનીમાં તમાકુ કે તમાકુ સાથે સંબંધિત પેદાશની બ્રાંડની ઓળખ થવી ન જોઈએ.

- તમાકુ પેદાશને લગતી સામગ્રી જેમ કે તમાકુને ભીની રાખવાની પેટી, પાઈપ, સિગારેટ હોલ્ડર, સિગાર ક્લિપ અને દિવાસળીનું પ્રદર્શન ત્યાં સુધી માન્ય છે જ્યાં સુધી તે કોઈ તમાકુ પેદાશો અને/અથવા તમાકુ પેદાશોની બ્રાંડ સાથે સંબંધિત ન હોય.

**જરૂરી નિશાની**

બધા છૂટક વેપારીઓએ તમામ પ્રવેશ, બહાર જવાના દરવાજા, શૌચાલયો અને અન્ય યોગ્ય સ્થળોએ *ધૂમ્રપાન ન કરવું* તેવી નિશાનીઓ મૂકવાના રહેશે જેથી સુનિશ્ચિત કરી શકાય કે ધૂમ્રપાન પ્રતિબંધિત છે.

સિગારેટ અને તમાકુ પેદાશોના બધા છૂટક વેપારીઓએ વેચાણના બિંદુ પર ગ્રાહકને સ્પષ્ટ રીતે દેખાય તે રીતે નીચેની બાબતો પોસ્ટ કરવાની રહેશે:
  - સરકારી આઈડીની નિશાની
  - ઉંમરનો અંકુશ અને સ્વાસ્થ્યની ચેતવણીની નિશાનીઓ

જરૂરી નિશાની મેળવવા વિશે માહિતી માટે કૃપા કરીને આપના સ્થાનિક સ્વાસ્થ્ય એકમનો સંપર્ક કરો.

**છૂટક વેપારીની જવાબદારીઓ**

*સ્પષ્ટ ઉંમર*

25 વર્ષથી ઓછી ઉંમરના લાગતા કોઈપણ વ્યક્તિને તમાકુ વેચતા પહેલાં છૂટક વેપારીએ ઓળખની વિનંતી કરવાની રહેશે અને વ્યક્તિ ઓછામાં ઓછી 19 વર્ષની ઉંમરની હોય તેની સંતોષપૂર્વક ખાતરી કરવાની રહેશે. સ્વીકાર્ય ઓળખમાં વ્યક્તિની જન્મતારીખ ધરાવતી વ્યક્તિની તસ્વીર સામેલ હોવી જોઈએ અને તે સરકાર દ્વારા જારી કરાઈ હોવાનું દેખીતી રીતે લાગવું જોઈએ. કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે:
  - ઑન્ટારિયોનું ડ્રાયવર્સ લાયસન્સ
  - કેનેડિયન પાસપોર્ટ
  - કેનેડિયન નાગરિકતાનું કાર્ડ
  - કેનેડિયન લશ્કરી દળોનું ઓળખ કાર્ડ
  - લિકર કન્ટ્રોલ બૉર્ડ ઑફ ઑન્ટારિયોનું તસ્વીરવાળું કાર્ડ



Ontario

છૂટક વેપારીઓ સ્વાસ્થ્ય કાર્ડની વિનંતી કરી ન શકે પરંતુ જો તે ગ્રાહક દ્વારા આપવામાં આવે અને જો તેમાં તસ્વીર અને જન્મ તારીખનો સમાવેશ થયેલો હોય તો ઓળખ તરીકે તેનો સ્વીકાર થઈ શકે.

*100% ધૂમ્ર-મુક્ત*
માલિકો એ સુનિશ્ચિત કરવાની જવાબદારી ધરાવે છે કે સમગ્ર પરિસર તમામ સમયે ધુમાડાથી મુક્ત હોય.

*નિયુક્ત જવાબદારી*
કાનૂનના વિભાગ 3(4)નો અર્થ એ છે કે માલિકો પોતાના કૃત્યો માટે જવાબાદાર હોવા ઉપરાંત તેઓ તેમના કર્મચારીઓના કૃત્યો માટે પણ જવાબદાર છે.

**અમલબજવણી**

સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય એકમો કાયદાના અમલ માટે નિરીક્ષણ કરશે અને રિટેઈલ સ્ટોર્સ વિશેની ફરિયાદોની તપાસ કરશે.

**સજા**

કાયદા હેઠળ છૂટક વેપારી જેનો સામનો કરી શકે તેવી સજાની ઘણી જોગવાઈઓ છે. છૂટક વેપારીઓને લાગુ પડતાં ચોક્કસ ગુનાઓ સમજવા માટે તેઓને *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન*ની સમીક્ષા કરવાની સલાહ આપવામાં આવે છે. ગુનેગાર ઠરવાનાં કેટલાંક પરિણામો આપોઆપ પ્રતિબંધમાં પરિણમી શકે છે.

**તમાકુના વેચાણના ગુનાઓ અને આપોઆપ લાગતો પ્રતિબંધ: તમાકુ પેદાશોના વેચાણ, સંગ્રહ અને ડિલિવરી સ્વીકારવાની મનાઈ**

*ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન* હેઠળ પ્રતિબંધિત કેટલીક પ્રવૃત્તિઓને "તમાકુ વેચાણના ગુનાઓ" તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આમાં સમાવિષ્ટ છે: 19 વર્ષની ઉંમરથી નીચેની કોઈ વ્યક્તિને તમાકુ વેચવું કે પૂરું પાડવું; 25 વર્ષથી નીચેની વયની લાગતી કોઇપણ વ્યક્તિ પાસે થી ઓળખની વિનંતિમાં ચૂક; ફરજિયાત સરકારી આઈડી અને સ્વાસ્થ્ય ચેતવણીના ચિહ્નો પોસ્ટ કરવામાં નિષ્ફળતા; સ્વાસ્થ્યની યોગ્ય ચેતવણીઓ વિના તમાકુ વેચવું; તમાકુ કર કાનૂન હેઠળ ચિહ્ન વિનાની સિગારેટ વેચવા સાથે સંબંધિત કેટલીક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

જો 5 વર્ષના સમયગાળાની અંદર તમાકુના વેચાણના ગુનાઓ માટે બે કે તેથી વધુ આરોપો સિદ્ધ થાય તો તે સ્થળ કામચલાઉ રીતે "સ્વયંભૂ પ્રતિબંધ" હેઠળ આવી શકે છે. સ્વયંભૂ પ્રતિબંધને આધીન સ્થળ પર કોઈ તમાકુ વેચી કે સંગ્રહી ન શકાય અને કોઈપણ જથ્થાબંધ કે છૂટક વેપારી તે સ્થળે તમાકુ પહોંચાડી શકે નહીં. તમાકુના વેચાણના ગુનાઓ માટે સિદ્ધ થયેલા આરોપોની સંખ્યાના આધારે સ્વયંભૂ પ્રતિબંધ છથી 12 મહિના ચાલશે.

આ દંડ વિશે વધુ સમજવા માટે છૂટક વેપારીઓ *ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન*ના વિભાગ 16ની સમીક્ષા કરે તેવી સલાહ આપવામાં આવે છે.

**દંડ**

કૉર્પોરેશનને પ્રથમ ગુના માટે વધુમાં વધુ $10,000 અને ત્રણ કે વધુ ગુનાઓ માટે $150,000નો દંડ થઈ શકે છે. વ્યક્તિને પ્રથમ ગુના માટે વધુમાં વધુ $4,000 અને ત્રણ કે વધુ ગુનાઓ માટે $100,000નો દંડ થઈ શકે છે.

આ હકીકતપત્રકનો આશય માત્ર એક ઝડપી સંદર્ભ તરીકે જ છે. વધુ માહિતી માટે, કૃપા કરીને આપના સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય એકમનો સંપર્ક કરો.

આપ ટૉલ-ફ્રી નંબર પર કૉલ કરીને પણ માહિતી મેળવી શકો છો:

**ઈન્ફોલાઈન** 1-866-396-1760
**TTY** 1-800-387-5559



Ontario

સંચાલનના કલાકો: સોમવારથી શુક્રવાર, સવારે 8:30 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી

*ધૂમ્ર-મુક્ત ઑન્ટારિયો કાનૂન* પર વધુ માહિતી માટે કૃપા કરીને મુલાકાત લો www.mhp.gov.on.ca/en/smoke-free/



Ontario